પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૪૧ | ૨૧ એપ્રિલ, ૨૦૨૩, શુક્રવાર; વૈશાખ સુદ - ૦૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# વકીલો હડતાળ પર ન જઈ શકે : સુપ્રીમ

**વકીલો અંગે સુપ્રીમ કોર્ટનો મહત્વપૂર્ણ ચુકાદો : સુપ્રીમે તમામ હાઈકોર્ટને ચીફ જસ્ટિસની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરે ફરિયાદ નિવારણ સમિતિની રચનાનો પણ નિર્દેશ આપ્યો**



નવી દિલ્હી, તા.૨૦

વકીલોની હળતાળ બાબતે આજે સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, વકીલો હડતાળ પર જઈ શકતા નથી અને તેમના કામથી દૂર જઈ શકતા નથી અને તમામ હાઈકોર્ટને ચીફ જસ્ટિસની અધ્યક્ષતામાં રાજ્ય સ્તરે ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો, જ્યાં વકીલો "સાચી સમસ્યાઓ" ના નિવારણ માટે રજૂઆત કરી શકે છે.

જસ્ટિસ એમ.આર.શાહ અને અહસાનુદીન અમાનુલ્લાની આગેવાની હેઠળની બેન્ચે જણાવ્યું હતું કે, ફોરમ પ્રદાન કરવા માટે જિલ્લા કોર્ટ સ્તરે એક અલગ ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવે, જ્યાં વકીલો કેસ ફાઈલિંગ અથવા સૂચિમાં પ્રક્રિયાગત ફેરફારો અથવા ગેરવર્તણૂક સંબંધિત તેમની વાસ્તવિક ફરિયાદોનું નિવારણ મેળવી શકે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, ફરી એકવાર કોર્ટ મારફતે કહેવામાં આવે છે કે બાર કાઉન્સીલનો કોઈ સભ્ય હડતાળ પર જઈ શકે નહીં અને વારંવાર આ કોર્ટે ભાર મૂક્યો છે કે, વકીલોના હડતાળ પર જવાથી અથવા તેમના કામથી દૂર રહેવાના કારણે ન્યાયિક કાર્યને અવરોધ ઉભો થાય છે".

## માનહાની કેસમાં રાહુલ ગાંધીની સજા રદ કરવાની અપીલ ફગાવાઈ

**આ ફરિયાદ ૨૦૧૯માં ભાજપના ધારાસભ્ય પૂર્ણેશ મોદીએ નોંધાવી હતી, હવે આ મામલે આવતીકાલે રાહુલ ગાંધી હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે**

સુરત, તા.૨૦

સુરતમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સામે ચાલી રહેલા માનહાનિ કેસનો ચુકાદો આવી ગયો છે. સેશન્સ કોર્ટે આ મામલે રાહુલ ગાંધીની અરજી ફગાવી દીધી છે. જેને રાહુલ ગાંધી માટે મોટો આંચકો મનાઈ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે નીચલી અદાલતે બે વર્ષની સજા ફટકાર્યા બાદ રાહુલે લોકસભાનું સભ્યપદ ગુમાવ્યું હતું. આ ફરિયાદ ૨૦૧૯માં ભાજપના ધારાસભ્ય અને ગુજરાતના પૂર્વ મંત્રી પૂર્ણેશ મોદીએ નોંધાવી હતી. હવે આ મામલે આવતીકાલે રાહુલ ગાંધી હાઈકોર્ટમાં અપીલ કરી શકે છે.



કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૨૩ માર્ચે સુરતની ટ્રાયલ કોર્ટે ફટકારેલી બે વર્ષની સજા સામે સેશન્સ કોર્ટમાં અપીલ કરી હતી. સેશન્સ જજ આર.પી.મોગરાની કોર્ટમાં બંને પક્ષોની સુનાવણી પૂર્ણ થઈ ચૂકી હતી. આ કેસમાં નિર્ણય આવે ત્યાં સુધી રાહુલને જામીન મળી ગયા હતા. ટ્રાયલ કોર્ટની સજા સામે અપીલ દરમિયાન રાહુલ ગાંધીના વકીલ આર.એસ. ચીમાએ કહ્યું હતું કે આખો કેસ ઈલેક્ટ્રોનિક પુરાવા પર આધારિત છે, ટીવી ચેનલ પર રાહુલનું નિવેદન જોયા બાદ ૧૦૦ કિલોમીટર દૂર બેઠેલા વ્યક્તિ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

બીજી તરફ, ફરિયાદી પૂર્ણેશ મોદીના વકીલ હર્ષિત ટોલિયાએ તેમના જવાબમાં રાહુલ પર અપમાનજનક ટિપ્પણી કરવાનો અને તેનું પુનરાવર્તન કરવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે સંસદમાં કાયદાઓ બને છે, પરંતુ રાહુલ પોતે તે સમય દરમિયાન સંસદ સભ્ય હોવા છતાં, નિયમો અને કાયદાઓનું પાલન કરતા નથી અથવા કાયદા સાથે ખિલવાડ કરે છે તો તેનો ખોટો સંદેશ સામાન્ય જનતામાં જાય છે. આ કિસ્સામાં મોદી સરનેમનો ઉલ્લેખ કરતા રાહુલે લોકોને પૂછ્યું કે બધા ચોરોની અટક મોદી શા માટે છે? શોધો તમને વધુ મોદી મળશે.

## દેશમાં કોરોનાના ૧૨૫૯૧ નવા કેસ

**ભારતમાં કોરોનાએ ફરી એકવાર પગ ફેલાવવાનું શરૂ કર્યું : ૨૯ લોકોના મોત, પોઝિટિવિટી રેટ ૫% થી ઉપર પહોંચ્યો**

નવી દિલ્હી, તા.૨૦

ભારતમાં કોરોનાએ ફરી એકવાર પગ ફેલાવવાનું શરૂ કર્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧૨૫૯૧ કેસ નોંધાયા છે.

આ દરમિયાન ૨૯ લોકોના મોત થયા છે. તે જ સમયે, પોઝિટિવિટી રેટ પણ ૫% થી ઉપર પહોંચી ગયો છે. આ પહેલા બુધવારે કોરોનાના ૧૦૫૪૨ નવા કેસ સામે આવ્યા હતા. જ્યારે અગાઉ મંગળવારે ૭૬૩૩ કેસ નોંધાયા હતા. આ પહેલા બુધવારે દેશમાં કોરોનાના ૧૦,૫૪૨ નવા દર્દીઓ મળી આવ્યા હતા. જ્યારે ચેપનો દર વધીને ૩૮ ટકા થઈ ગયો છે. સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર મહામારીને કારણે બુધવારે ૨૯ સંક્રમિત લોકોના મોત થયા છે.



### રક્ષામંત્રી રાજનાથસિંહ કોરોના પોઝિટિવ

નવી દિલ્હી, તા.૨૦

રક્ષા મંત્રી રાજનાથ સિંહ કોરોના પોઝિટિવ આવ્યા છે. અહેવાલ અનુસાર, સંરક્ષણ મંત્રીને હાલમાં હળવા લક્ષણો દેખાતા તેને હોમ ક્વોરેન્ટાઈનમાં કરવામાં આવ્યા છે. ડોક્ટરોની ટીમે તેની તપાસ કરી અને આરામ કરવાની સલાહ આપી છે. ગઈકાલે રક્ષા મંત્રી રાજનાથ સિંહે દિલ્હીના માણેકશા સેન્ટરમાં આયોજિત કમાન્ડર કોન્ફરન્સમાં ભાગ લીધો હતો.

બીજી તરફ, રાજનાથ સિંહ આજે નવી દિલ્હીમાં ભારતીય વાયુસેના કમાન્ડર્સની કોન્ફરન્સમાં ભાગ લેવાના હતા. પરંતુ કોરોના પોઝિટિવ આવ્યા બાદ આજે તેઓ આ કોન્ફરન્સમાં ભાગ લેશે નહીં.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૧૨૫૯૧ કેસ નોંધાયા છે. આ દરમિયાન ૨૯ લોકોના મોત થયા છે. તે જ સમયે, પોઝિટિવિટી રેટ પણ ૫% થી ઉપર પહોંચી ગયો છે. આ પહેલા બુધવારે કોરોનાના ૧૦૫૪૨ નવા કેસ સામે આવ્યા હતા. જ્યારે અગાઉ મંગળવારે ૭૬૩૩ કેસ નોંધાયા હતા.

## કાશ્મીરમાં સેનાના વાહનમાં આગથી ૪ જવાન શહીદ થયા

**જમ્મુ-કાશ્મીરના પૂંછમાં દુર્ઘટના કયા કારણોસર થઈ તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી, દુર્ઘટના સમયે વાહનમાં લગભગ ૮ જવાન હાજર હતા**

જમ્મુ, તા.૨૦

જમ્મુ-કાશ્મીરના પૂંછમાં એક મોટી દુર્ઘટના ઘટી છે. અકસ્માતમાં સેનાના એક વાહનમાં આગ લાગવાના કારણે ૩ થી ૪ જવાનો શહીદ થયા હોવાના અહેવાલ છે. જો કે આ દુર્ઘટના કયા કારણોસર થઈ તે હજુ સુધી સ્પષ્ટ થયું નથી. અત્યાર સુધીની માહિતી અનુસાર, આ દુર્ઘટનામાં કોઈપણ પ્રકારના આતંકવાદી ષડયંત્રની વાત કરવામાં આવી નથી. દુર્ઘટના સમયે આ વાહનમાં લગભગ ૮ જવાન હાજર હતા, જેમાંથી અત્યાર સુધીમાં ૪ જવાન શહીદ થયા હોવાના અહેવાલ છે.

મળતા અહેવાલો અનુસાર, વાહનમાં કેટલો સામાન રહેલો હતો. જોકે કોઈ કારણસર ટ્રકમાં આગ લાગી જે બાદ તે વધતી જ ગઈ. અકસ્માત સમયે વાહનમાં હાજર જવાન તેની લપેટમાં આવી ગયા હતા. આ અકસ્માત બાદ તપાસ માટે કોર્ટ ઓફ ઈન્કવાયરીનો આદેશ આપવામાં આવ્યો છે. આ દુર્ઘટના બાદ સેનાએ લોકોને અપીલ કરી છે કે તેઓ આ અકસ્માત સાથે જોડાયેલા ફોટા અને વીડિયો શેર ન કરે.

## મોદી ૨૩મેએ સિડનીમાં ભારતીય સમૂદાયના કાર્યક્રમમાં સંબોધન કરશે

નવી દિલ્હી, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્વાડ મીટિંગ માટે ચાર દિવસીય ઑસ્ટ્રેલિયા પ્રવાસ પર જશે. પીએમ મોદી ઑસ્ટ્રેલિયાની રાજધાની સિડનીમાં ૨૩ મેના રોજ ભારતીય ડાયસ્પોરાના એક મોટા સમુદાયના કાર્યક્રમને સંબોધિત કરશે.

તે જ સમયે, પીએમ મોદી સમિટમાં ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના વિકાસ અને પરસ્પર હિતના સમકાલીન વૈશ્વિક મુદ્દાઓ પર વિચારોનું આદાનપ્રદાન કરશે. ક્વાડ સમિટમાં દરિયાઈ ક્ષેત્ર, અવકાશ, જળવાયુ પરિવર્તન, આરોગ્ય અને સાયબર સુરક્ષામાં સતત સહકાર અંગે ચર્ચા કરવામાં આવશે. ક્વાડની સમિટમાં ભારત સહિત અમેરિકા, જાપાન અને ઑસ્ટ્રેલિયાના દેશોના નેતાઓ ભાગ લેશે.

ઑસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બેનીઝ ૮ થી ૧૧ માર્ચ દરમિયાન ભારતના પ્રવાસે હતા. ઑસ્ટ્રેલિયામાં લેબર પાર્ટીની

● અનુસંધાન પાન-૭ પર

### અમૃતપાલસિંહની પત્ની કિરણદીપ કૌરની એરપોર્ટ પર અટકાયત

અમૃતસર, તા.૨૦

ખાલિસ્તાની સમર્થક અમૃતપાલ સિંહની પત્ની કિરણદીપ કૌરને છેલ્લા કેટલાક દિવસોથી પંજાબમાં ભાગેડુ જાહેર કરવામાં આવી હતી અને સમગ્ર દેશમાં વોન્ટેડ હતી. જેને ગુરુવારે લંડન જતી વખતે અમૃતસર એરપોર્ટ પર રોકવામાં આવી છે. મળતા સૂત્રો પ્રમાણે, કિરણદીપ કૌર અમૃતસર એરપોર્ટથી બર્મિંગહામ ભાગવાનો પ્રયાસ કરી રહી હતી, અમૃતસર એરપોર્ટ પહોંચી હતી. પરંતુ ગુપ્ત માહિતીના આધારે એરપોર્ટ પર પોલીસે તેને કસ્ટડીમાં લીધા બાદ તેમની પૂછપરછ શરૂ કરી હતી.

॥ જય પરશુરામ ॥
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
સેક્ટર-૧૬ દ્વારા આયોજીત
ભગવાન શ્રી પરશુરામ દાદાના જન્મોત્સવ નિમિત્તે
ભવ્ય શોભાયાત્રા તથા લોક ડાયરો
તા.૨૨ એપ્રિલ ૨૦૨૩ (શનિવાર) સાંજે ૪:૦૦ કલાકે
આપ તથા આપના સ્નેહીજનોને ભગવાન પરશુરામ શોભાયાત્રા અને લોકડાયરામાં જોડાવવા હાર્દિક આમંત્રણ છે.
ભવ્ય શોભાયાત્રા - સાંજે ૪:૦૦ કલાકે
મહાઆરતી - સાંજે ૭:૦૦ કલાકે
બ્રહ્મ ભોજન - રાત્રે ૭:૩૦ કલાકે
ભવ્ય ડાયરો - રાત્રે ૮:૩૦ કલાકે
સ્થળ : શ્રી સ્વામી સચ્ચિદાનંદજી બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર
યાત્રા પ્રારંભ :
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ભવન, સેક્ટર-૧૬ ગાંધીનગર
- નાગરિક બેંક, સેક્ટર-૧૬
- હનુમાન મંદિર, સેક્ટર-૧૭
- પંચદેવ મંદિર, સેક્ટર-૨૨
- વૈજનાથ મહાદેવ મંદિર, સેક્ટર-૨૧, ચ-૬
- ખ-૬ સર્કલ
- મહાત્મા મંદિર
- સરગાસણ ચોકડી
- રિલાયન્સ ચોકડી
- ઘ-૦ સર્કલ
- ઘ-૪ અંડરપાસ
- નાગરિક બેંક, સેક્ટર-૧૬
- શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ભવન, સેક્ટર-૧૬ ગાંધીનગર - પરત
નરેશ દવે (પ્રમુખ) મુકેશ શુક્લ (મહામંત્રી) નરેન્દ્ર વ્યાસ (ખજાનચી)
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર
ક્રિષ્ન જાની (પ્રમુખ) તુષાર રાવલ (મંત્રી) ભવાની પ્રસાદ પંડ્યા (ખજાનચી)
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ યુવા પાંખ
પ્રવિણાબેન વોરા (પ્રમુખ) વિમળાબેન અચાચી (મંત્રી) દિવ્યાબેન પંડ્યા (ખજાનચી)
શ્રી સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ
ગૌરાંગભાઈ વ્યાસ (કન્વીનર) | નિતિનભાઈ ત્રિવેદી (સહકન્વીનર)
લોકડાયરાના કલાકારો
શ્રી અશ્વિનભાઈ જોષી
શ્રી અભેસિંહ રાઠોડ
શ્રી ધરમ વંકાણી
શ્રી નવિનભાઈ જોષી
શ્રીમતી ભારતીબેન વ્યાસ

મોંઢા અને ગળાના કેન્સરની નિયમિત ઓ.પી.ડી. ગાંધીનગર ખાતે!
zydus Hospitals Cancer Centre
ડૉ. સુપ્રીત ભટ્ટ MS, M.Ch (મોંઢા અને ગળાના કેન્સર સર્જન)
મોંઢા અને ગળાના રોબોટીક સર્જરીના નિષ્ણાંત
- 4000 થી વધુ સફળ વિવિધ કેન્સર શસ્ત્રક્રિયાના અનુભવી
- 20000 થી વધુ સંતુષ્ટ કેન્સર દર્દીઓની સારવાર
દર મહિનાના બીજા અને ચોથા શનિવારે
કેન્સરની સારવાર: ● મોંઢા અને જડબાનું કેન્સર ● જીભનું કેન્સર ● થાયરોઈડ અને પેરાથાયરોઈડની ગાંઠ ● ગળા અને સ્વરપેટીનું કેન્સર ● લાળગ્રંથિનું કેન્સર ● ચામડીનું કેન્સર
22-04-2023 (શનિવાર) | સાંજે 4.00 થી 6.00 કલાકે
માતુલ્ય વુમન્સ હોસ્પિટલ, B-305, VTC વૃંદાવન ટ્રેડ સેન્ટર, કાનમ ગ્રીન્સ પાર્ટી પ્લોટ સામે, રીલાયન્સ ક્રોસ રોડ નજીક, કુડાસણ, ગાંધીનગર
રજીસ્ટ્રેશન માટે સંપર્ક: પાર્થ જોષી - 96010 78421
*અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું અને જુના રિપોર્ટ લાવવા જરૂરી છે.
*આ માહિતી માત્ર દર્દીની જાણ માટે જ છે.